# સિયાચીન - જ્યાં માઈનસ ૫૦ ડિગ્રીમાં પણ દેશપ્રેમની ગરમી ધબકે છે



## દુનિયાનું સૌથી ઊંચું યુદ્ધક્ષેત્ર, જ્યાં કુદરત દુશ્મન કરતા પણ વધુ ક્રૂર છે: ૧૩ એપ્રિલ, ૧૯૮૪ની એ જીત જેણે પાકિસ્તાનના મનસૂબા તોડી નાખ્યાં હતા

**વિકલ્પ**

★ દીપક આશર

ભારતની ઉત્તરી સરહદે સ્થિત કારાકોરમ પર્વતમાળામાં જ્યારે પવન ફૂંકાય છે, ત્યારે તે માત્ર અવાજ નથી કરતો, પણ પથ્થરોને પણ ધ્રુજાવી દે તેવી ઠંડી લાવે છે. અહીં ૨૦,૦૦૦ ફૂટની ઊંચાઈ પર એક એવી દુનિયા છે જ્યાં મૃત્યુ દર સેકન્ડે હવામાં તરતું હોય છે, પરંતુ એ જ મૃત્યુની આંખોમાં આંખ નાખીને ઊભો છે. ભારતીય સેનાનો જવાન ૧૩ એપ્રિલ, ૧૯૮૪ના રોજ શરૂ થયેલું 'ઓપરેશન મેઘદૂત' માત્ર એક લશ્કરી વિજય નહોતો, પણ ભારતની અખંડિતતાને જાળવી રાખવાનો એક ભગીરથ સંકલ્પ હતો.

૧૯૮૦ના દાયકાની શરૂઆતમાં સિયાચીન એક 'નો મેન્સ લેન્ડ' હતું, જ્યાં ભારત કે પાકિસ્તાન કોઈની કાયમી હાજરી નહોતી, પરંતુ પાકિસ્તાનની બદદાનતે નકશામાં છેડછાડ શરૂ કરી. પાકિસ્તાને આંતરરાષ્ટ્રીય પર્વતારોહકોને સિયાચીન વિસ્તારમાં ટ્રેકિંગ માટે પરવાનગી આપવાનું શરૂ કર્યું, જેથી તે સાબિત કરી શકે કે આ વિસ્તાર તેમનો છે.

પરંતુ ભારતની ગુપ્તચર એજન્સીઓને મળેલી એક માહિતીએ બાજી પલટી નાખી હતી. જાણવા મળ્યું કે પાકિસ્તાન લંડનની એક કંપની પાસેથી મોટા પાયે 'હાઈ એલ્ટિટ્યુડ ગિયર' (બરફમાં રહેવા માટેના ખાસ કપડાં અને સાધનો) ખરીદી રહ્યું છે. એ જ કંપની પાસેથી ભારતે પણ સાધનો મંગાવ્યાં હતા. જ્યારે ભારતીય સૈન્ય અધિકારીઓને ખબર પડી કે પાકિસ્તાન ૧૭ એપ્રિલ ૧૯૮૪ના રોજ આ વિસ્તાર પર કબજો કરવા 'ઓપરેશન અબાબીલ' શરૂ કરવાનું છે, ત્યારે ભારતે વિલંબ કર્યા વગર ૧૩ એપ્રિલના રોજ 'ઓપરેશન મેઘદૂત' લોન્ચ કર્યું હતું.

કુમાર બેઝથી શરૂ થયેલી આ ચઢાઈમાં ભારતીય વાયુસેનાના કે.સી. ખન્નાએ 'ચિત્તા' હેલિકોપ્ટર દ્વારા સૈનિકોને એવી ઊંચાઈએ ઉતાર્યા જે અત્યાર સુધી અશક્ય મનાતું હતું. લેફ્ટનન્ટ જનરલ પ્રેમનાથ હૂન અને કર્નલ નરેન્દ્ર કુમાર (બુલી કુમાર)ના નેતૃત્વમાં ભારતે પાકિસ્તાની સૈનિકો પહોંચે તે પહેલા જ સાલ્ટોરો રિજ અને મુખ્ય વ્યૂહાત્મક ચોકીઓ પર તિરંગો લહેરાવી દીધો હતો.

સિયાચીનમાં પાકિસ્તાની ગોળીઓ કરતા કુદરતી આફતોથી વધુ જવાનો શહીદ થાય છે. અહીં દુશ્મન સામે દેખાતો નથી, પણ ઠંડીના સ્વરૂપમાં નસોમાં વહેતું લોહી થીજાવી દે છે. સિયાચીનમાં શિયાળામાં તાપમાન માઈનસ ૫૦થી ૬૦ ડિગ્રી સુધી ગગડી જાય છે. આ તાપમાનમાં સ્ટીલની બંદૂક અડવાથી 'ફ્રોસ્ટબાઈટ' થાય છે. જો જવાન ભૂલથી ખુલ્લા હાથે ધાતુને અડી જાય, તો તેની ચામડી ચુંબકની જેમ ચોંટી જાય છે અને તેને અલગ કરવા માટે ક્યારેક ચામડી ઉખેડી નાખવી પડે છે અથવા આંગળીઓ કાપવી પડે છે.

અહીં બરફના તોફાનો અને હિમસ્ખલન સામાન્ય છે. ૨૦૧૬ની એ ઘટના આખું ભારત યાદ કરે છે જ્યારે લાન્સ નાયક હનુમંતપ્પા કોપ્પડ ૩૫ ફૂટ બરફ નીચે ૬ દિવસ સુધી દટાયેલા રહ્યા હતા. તેમનું બચવું એક ચમત્કાર હતો, પણ તે દર્શાવે છે કે અહીં કુદરત કેટલી ક્રૂર છે.

૨૦,૦૦૦ ફૂટ પર ઓક્સિજનનું સ્તર ૩૦% થી પણ ઓછું હોય છે. હવામાં ઓક્સિજનની અછતને કારણે ફેફસામાં પાણી ભરાઈ જવું (HAPE) અથવા મગજમાં સોજો આવવો (HACE) જેવી જીવલેણ બીમારીઓ પળવારમાં જીવ લઈ શકે છે. સિયાચીનમાં જમવું એ આનંદ નહીં, પણ અસ્તિત્વ ટકાવી રાખવાની જહેમત છે.

અહીં તાજું શાકભાજી કે ફળ એક સપનું છે. સફરજન કે નારંગી એટલા કઠણ થઈ જાય છે કે તેને હથોડીથી તોડવા પડે છે. ઈંડા પથ્થરના ગોળા જેવા બની જાય છે. ચોકલેટ ખાવા માટે તેને કલાકો સુધી ગરમ કરવી પડે છે.

પીવાના પાણી માટે જવાનોએ આખો દિવસ કેરોસીન સ્ટવ પર બરફ ઓગાળવો પડે છે. નહાવાનું તો મહિનાઓ સુધી અશક્ય છે. જવાનો ૯૦ દિવસ સુધી એક જ કપડામાં રહે છે કારણ કે કપડાં બદલતી વખતે લાગતી ઠંડી પણ જીવલેણ હોઈ શકે છે. શૌચક્રિયા જેવી પાયાની જરૂરિયાત પણ અહીં જીવનું જોખમ છે. જવાનોએ બરફમાં બનાવેલા ખાસ શૌચાલયોનો ઉપયોગ કરવો પડે છે અને કચરાનો નિકાલ કરવો એ મોટી પર્યાવરણીય સમસ્યા છે.

સિયાચીનમાં સૌથી મોટો પડકાર એકલતા છે. મહિનાઓ સુધી માત્ર સફેદ બરફની ચાદર જોવી એ આંખો માટે 'સ્નો બ્લાઈન્ડનેસ' (બરફના પ્રતિબિંબથી આવતું અંધાપો) લાવે છે, તો મન માટે ડિપ્રેશન. અહીં મોબાઈલ ટાવર નથી. સૈનિકો સેટેલાઈટ ફોન કે પત્રો દ્વારા પરિવાર સાથે સંપર્ક કરે છે. ઘણીવાર ખરાબ હવામાનને કારણે અઠવાડિયા સુધી સંપર્ક તૂટી જાય છે.

સિયાચીન બેઝ કેમ્પ પર 'ઓપી બાબા' (ઓમ પ્રકાશ બાબા)નું મંદિર છે. સિયાચીન જતા પહેલા દરેક સૈનિક અને પાયલોટ ત્યાં માથું ટેકવે છે. એવું માનવામાં આવે છે કે ઓપી બાબા સૈનિકોની રક્ષા કરે છે. આ શ્રદ્ધા જ તેમને માઈનસ ૫૦ ડિગ્રીમાં ટકી રહેવાની આંતરિક શક્તિ આપે છે.

ભારતીય વાયુસેનાના પાયલોટ્સ સિયાચીનના સાચા એન્જલ્સ છે. ખાસ કરીને - ચિત્તા અને ધ્રુવ હેલિકોપ્ટર. આ હેલિકોપ્ટર્સ દુનિયાના એવા વિસ્તારોમાં ઉડે છે જ્યાં હેલિકોપ્ટરની નિર્ધારિત મર્યાદા પૂરી થઈ જાય છે. તેઓ ૧૦-૧૦ કિલો રાશન અને દવાઓ પહોંચાડવા માટે પોતાનો જીવ જોખમમાં મૂકે છે. એએન-૩૨ અને આઈએલ-૭૬ જેવા વિમાનો દ્વારા પેરાશૂટથી સામાન નીચે ફેંકવામાં આવે છે. ઘણીવાર સામાન ઊંડી ખીણોમાં પડી જાય છે, જેને લેવા જવું એટલે મોતને આમંત્રણ આપવા જેવું છે.

ઘણા લોકો પ્રશ્ન કરે છે કે જ્યાં ઘાસનું તરણું પણ ઉગતું નથી તેવા બરફના રણ માટે આટલો ખર્ચ અને જાનહાનિ શા માટે? તેનો જવાબ ભૂરાજનીતિમાં છે.

સિયાચીન ગ્લેશિયર ભારત, પાકિસ્તાન અને ચીનની સરહદોનું સંગમસ્થાન છે. જો ભારત સિયાચીન છોડી દે, તો પાકિસ્તાન અને ચીન હાથ મિલાવી શકે છે. આ વિસ્તાર કારાકોરમ પાસ પર નજર રાખવા માટે શ્રેષ્ઠ છે. જો પાકિસ્તાન અહીં કબજો કરે, તો લદ્દાખ અને લેહ પર સીધું જોખમ ઊભું થાય. સિયાચીન એ ભારતનું 'વોચટાવર' છે.

સિયાચીન ડે એ માત્ર ઉજવણી નથી, પણ આત્મચિંતન છે. આપણે જ્યારે ઘરમાં એસી કે હીટરના તાપમાને આરામ કરીએ છીએ, ત્યારે કોઈ જવાન સરહદ પર થીજી ગયેલા બૂટ અને હાથમાં રાઈફલ લઈને ઊભો છે. તેના ચહેરા પર લોહી થીજી ગયું છે, પણ તેની આંખોમાં દેશપ્રેમની જ્વાળા સળગે છે. ભારતીય સેનાના આ અદમ્ય સાહસને સલામ. જ્યાં સુધી હિમાલય અડીખમ છે, ત્યાં સુધી સિયાચીનના વીરોની ગાથા ગુંજતી રહેશે. ભારત માતાના એ સપૂતોને કોટી કોટી વંદન જેમની હિંમત બરફ કરતા પણ વધુ સફેદ અને પવિત્ર છે.

